# કુલભૂષણ જાધવને મૃત્યુદંડની સજા મામલે ભારત-પાકિસ્તાન સામસામે



કુલભૂષણ જાધવ

**નવી દિલ્હી/ઈસ્લામાબાદ:** પાકિસ્તાને ભારતના ભૂતપૂર્વ નૌકાદળના અધિકારી કુલભૂષણ જાધવને ‘જાસૂસી’ના ખોટા આરોપો હેઠળ મૃત્યુદંડની સજા ફરમાવવાના મુદ્દે ભારત-પાકિસ્તાન સામસામે આવી ગયા છે. પાકિસ્તાનના આ વલણ સામે ભારતભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

પાકિસ્તાને સોમવારે કહ્યું હતું કે ભારતીય જાસૂસી સંસ્થા ‘રો’ના એજન્ટ અને નેવી ઓફિસર કુલભૂષણ જાધવને મોતની સજા ફરમાવવામાં આવી છે. જાધવને એક ખાનગી ઓપરેશન પાર પાડીને ત્રીજી માર્ચ, ૨૦૧૬ના રોજ મશકેલ (બલૂચિસ્તાન)માંથી પકડવામાં આવ્યા હતા. તેમના પર પાકિસ્તાન આર્મી એક્ટના ફીલ્ડ જનરલ કોર્ટ માર્શલ થકી કેસ ચલાવવામાંઆવ્યો હતો અને મોતની સજા સંભળાવવામાં આવી હતી. પાકિસ્તાની સેનાના વડા ચીફ જનરલ કમર બાજવા અહમદે સજાને સમર્થન આપ્યું હતું. પાકિસ્તાને જાધવને જાસૂસી અને ભાંગફોડિયા પ્રવૃત્તિઓ હાથ ધરવાના આરોપોમાં મનસ્વી રીતે દોષી ઠેરવ્યા હતા.

પાકિસ્તાની લશ્કરે જાધવના કબૂલાતનામાનો એક વિડિયો જાહેર કર્યો હતો, જેમાં જાધવે પોતે રો માટે બલૂચિસ્તાનમાં કામ કરતો હતો અને આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ હોવાનું કબૂલ કર્યું હતું. જોકે ભારતે આ વિડિયો વાહિયાત ગણાવી શંકા વ્યક્ત કરી હતી કે જાધવનું ઈરાનમાંથી અપહરણ કરાયું હતું. ભારત સરકારે તે ભારતીય નાગરિક હોવાનું અને નેવીમાં ઓફિસર તરીકે કામ કરી ચૂક્યો હોવાનું સ્વીકાર્યું હતું.

આ મુદ્દે ભારતે આકરો વિરોધ નોંધાવ્યો છે અને કહ્યું છે કે જો એક ભારતીયને કાયદા અને ન્યાયના મૂળ માપદંડો ધ્યાનમાં રાખ્યા વગર સજા અપાશે તો ભારત સરકાર અને ભારતીયો તેને પૂર્વઆયોજિત હત્યાનો મામલો ગણશે. ભારતે પાકિસ્તાનના ડઝન કેદીઓને છોડવાનો નિર્ણય હવે બદલી નાખ્યો છે. દિલ્હીમાં વિદેશસચિવ એસ. જયશંકરે પાકિસ્તાનના ઉચ્ચાયુક્ત અબ્દુલ બાસિતને બોલાવી વિરોધપત્ર આપ્યો હતો.

ભારતે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે જો તે જાધવને ફાંસીએ લટકાવશે તો બે દેશોના સંબંધો પર તેની અસર પડશે અને પરિણામો ભોગવવાં પડશે. ભારતે કહ્યું કે જાધવને બચાવવા પરંપરાગત ઉકેલ સિવાય પણ રસ્તા અજમાવાશે. જાધવ આ દેશનો પુત્ર છે. જાધવને ફાંસીની સજા થઈ તેનો પડઘો સંસદનાં બન્ને ગૃહમાં પડ્યો હતો. તમામ પક્ષોએ એક થઈ પાકિસ્તાના પગલાને વખોડ્યું હતું. વિદેશમંત્રી સુષમા સ્વરાજે કહ્યું કે જાધવ નિર્દોષ છે અને તેનું અપહરણ કરાયું છે. જો જાધવને ફાંસી થશે તો ભારત તેને ઈરાદાપૂર્વકની હત્યા ગણશે. સંસદની બહાર કોંગ્રેસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પાકિસ્તાન પર રાજદ્વારી દબાણ વધારવા અપીલ કરી હતી. કોંગ્રેસના શશી થરૂરે કહ્યું કે પાકિસ્તાને તમામ આંતરરાષ્ટ્રીય નિયમોનો ભંગ કરી જાધવને ફાંસી જાહેર કરી છે.

જાધવનું કુટુંબ મૂળ મહારાષ્ટ્રના સાંગલી શહેરનું વતની છે અને હાલ આ કુટુંબ મુંબઈમાં વસે છે. જાધવના પિતા મુંબઈ પોલીસદળના ભૂતપૂર્વ કર્મચારી હતા. કુલભૂષણે નેવીમાંથી નિવૃત્તિ લઈ બિઝનેસ શરૂ કર્યો હતો. કુલભૂષણ રોનો એજન્ટ હોવાના પાકિસ્તાનના દાવાને તેના કુટુંબે પણ ફગાવ્યો હતો. તેના પિતાએ કહ્યું કે તે ઈરાનના ચાબાહારમાં સલાહકાર તરીકે બિઝનેસ ચલાવે છે. તેના નિવાસસ્થાને ૧૫ પોલીસકર્મીને તૈનાત કરવામાં આવ્યા છે. *(ગુજરાત ટાઈમ્સ સંકલન)*







(ડાબે) મુંબઈમાં પૂર્વ ભારતીય નૌકાદળના અધિકારી કુલભૂષણ જાદવના પેઈન્ટિંગને ડિસપ્લે કરતી યુવતીઓ. જાદવને પાકિસ્તાન મિલિટરી કોર્ટે ‘જાસૂસી’ના આરોપસર મૃત્યદંડની સજા ફરમાવી છે. (જમણે) જાદવને મૃત્યુદંડની સજા સામે મુંબઈમાં કોંગ્રેસ કાર્યકરોએ વિરોધપ્રદર્શન કરી પાકિસ્તાની ધ્વજ સળગાવ્યો હતો. *(બન્ને ફોટોસૌજન્ય: પીટીઆઈ)*

## શરીફની નફટાઈ: કોઈ પણ ધમકીનો સામનો કરવા પાકિસ્તાન સજ્જ

*દરમિયાન પાકિસ્તાનના વડા પ્રધાન નવાઝ શરીફે ભારતને ધમકાવવાનો પ્રયાસ કરતાં કહ્યું કે પાકિસ્તાની સેના કોઈ પણ ધમકી કે ખતરાનો સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ છે. પાકિસ્તાન તમામ પડોશી દેશો સાથે સારા સંબંધ ઈચ્છે છે. પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફે કહ્યું કે જાધવ ૬૦ દિવસમાં સજાને પડકારી શકશે. આ સજા પર તાકીદે અમલ કરાશે નહિ.*

*પાકિસ્તાની મિડિયાએ આ ઘટનાને અભૂતપૂર્વ ગણાવી છે અને નિષ્ણાતોએ આ ઘટનાના રાજદ્વારી દુષ્પરીણામો અંગે પાકિસ્તાની સેના અને સરકારને શરીફને ચેતવ્યા છે. પાકિસ્તાને જાધવની સજા અંગે સ્પષ્ટતા કરી હતી કે અમારા પર કોઈનું દબાણ કે ધમકીની અસર થશે નહીં. બુધવારે શરીફ અને બાજવા વચ્ચે યોજાયેલી બેઠકમાં બંને નેતાઓએ નક્કી કર્યું કે કુલભુષણ મુદ્દે અમારા પર કોઈનું દબાણ ચાલશે નહીં. જાધવ વિરુદ્ધના પુરાવા ભારતને અપાશે.*

## જાધવ મુદ્દે પાકિસ્તાનનો ઉતાવળિયો નિર્ણય: અમેરિકી નિષ્ણાતો

*અમેરિકાના ટોચના નિષ્ણાતોએ જાધવ મુદ્દે પાકિસ્તાનના નિર્ણયને ઉતાવળિયો ગણાવી ચિંતા દર્શાવી હતી અને કહ્યું કે ભારતે જે પ્રકારે પાકિસ્તાનને આતંકવાદ મામલે વિશ્વમાં એકલું પાડ્યું છે તેથી જાધવના નામે મજબૂત સંદેશો આપવા આ કૃત્ય કર્યું છે. અમેરિકાના દક્ષિણ અને મધ્ય એશિયા બ્યુરોના વિદેશ વિભાગનાં પૂર્વ વરિષ્ઠ અધિકારી એલીસા એરીસે કહ્યું કે એક બાજુ મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાની કોર્ટ સુનાવણી પાકિસ્તન દ્વારા સતત ટાળવામાં આવે છે ત્યારે જાધવના મામલે અચાનક આટલી ઝડપથી કઈ રીતે સુનાવણી થઈ છે.*